MITA PARIKH

## MB Kindergarten

## MB Primary School

## MB Secondary School

## MB Higher Secondary School

# REFLECTION
# 2017-2018

Sheth Mansukhbhai Bhagubhai Memorial Trust
Established in 1913,Reg.No.E/1513
Pethapur, Gandhinagar 382610
Tel No.079-23216827/23216717


# SHETH MANSUKHBHAI BHAGUBHAI MEMORIAL TRUST

**Established:1913**

**Registration No.E/1513**

**Gandhinagar**

## BOARD OF TRUSTEES


Sudhir shah
Chairman



Upendra Shah
Trustee




Rohit Shah
Trustee



Ajay Mehta
Trustee



Mita Parikh
Managing Trustee



Sanjeev parikh
Treasurer

# MB KINDERGARTEN,PRIMARY,UPPER PRIMARY,SECONDARY,HIGHER SECONDARY SCHOOL

## *Principal: Smt.Bhavna Patel*

- **MB Kindergarten (Junior & Senior)**

  **HOD :Shri Harshad Patel**

- **MB Primary School (Std 1 to Std 4)**

  **HOD:Smt.Rima Patel**

- **MB Upper Primary School (Std 5 to Std 8)**

  **HOD: Smt.Safin Sheikh**

- **MB Secondary School(Std 9 & Std 10)**

  **Index No:55.004 {Salary Grant Aided}**

  **Principal:Shri Pravin Patel**

- **MB (SF)Secondary & Higher Secondary School (Std 9 to Std 12)**

  **Index No (S.S.C):55.336 / (H.S.C):27.132(G).**

  **Arts and Commerce Stream**

  **HOD:Shri Piyush Patel**

- **MB Center for Computer Education & Sports Academy**

  **HOD:Ms. Maitry Patel**

MB SCHOOL



# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | મે.ટ્રસ્ટી શ્રી મીતા પરીખની કલમેથી... | ૭. | ઈત્તર પ્રવૃત્તિઓ |
| ૨. | શાળાની ઝલક | ૮. | ગાંધીનગર તાલુકા-કક્ષા યુવક મહોત્સવ |
| ૩. | આચાર્યશ્રીની કલમેથી... | ૯. | વાર્ષિકોત્સવની ઉજવણી |
| ૪. | શાળા વિભાગોના મુખ્ય શિક્ષકશ્રીઓની કલમેથી... | ૧૦. | રમત-ગમત વિભાગ |
| ૫. | શૈક્ષણિક પ્રવૃત્તિઓ | ૧૧. | શાળાના તેજસ્વી તારલા |
| ૬. | વિવિધ ઉજવણી | ૧૨. | શાળાના આધાર સ્તંભ |




# Smt. Mita Parikh

## Managing Trustee



**vision**

**To assist the students in unfolding their latent talents and help them grow to the highest level.**

**Mission**

**We strive to make learning fun through innovative approaches to education, because education is not the filling of a vessel, but the kindling of a flame. we aim to ignite the spirit, liberate the creativity and leave pattern emergence in different forms and shapes.**

The journey that began in1913, continues and I feel and satisfied and happy to be a part in the on-going growth and success of this organization.

A brief history about this charitable trust is, that it started with the mission to impart education to the children living in and around Pethapur, a small town near Gandhinagar, about 40 km from Ahmedabad.

The Trust 'Sheth Mansukhbhai Bhagubhai Memorial Trust ' was established in 1913 in a small town of Pethapur, which was then a Princely State.

The school runs in six segments with around 1700 students from Kg to Std 12.
(Arts & Commerce streams)

1. Kindergarten (Junior & Senior )
2. Primary school (Std 1 to Std 8)
3. Secondary School (Std 9 & 10-(Only Salary grant- Govt. Aided )
4. Secondary school Std 9& !0- self financed)
5. Higher secondary school (11&!2-Arts and Commerce streams)
6. Center for computer education (department dedicated to teach computer technology)

The school follows the GSEB syllabus in Gujarati medium, spread over two premises. Both premises have sufficient aminities as:

Airy Classrooms playgrounds, science lab, computer labs, Library, projectors for audio/visual studies, canteens and civic amenities. The canteen serves nutritious warm food at nominal rates for students, from std 1 to std 12.
Hot and fresh food prepared in the school kitchen by dedicated staff is served every day to the children of kindergarten.
Both premises are under CCTV surveillance for security.

Moreover, many students come from BC and OBC class of the society. They are marginally supported by the Government. The school also gives free education to 25% of the total students as directed by the education board under the RTE scheme.

The teaching and non teaching staff includes 65 employees. All teachers are qualified as per the required standards. The institute is registered under the Employees'state insurance corporation which helps the employees in their savings. (Providend fund)

The trust is tax exempted u/s 80G (5) of the I.T Act 1961.

The School collects modest fees to cover the running expenses and we work on a 'No profit ,No Loss basis'.

The current activities of the school are shared on our Facebook page and other information is available on the website: **http://shethmbschool.org/**

Presently, we were in need of an auditorium, so that the students get an opportunity to show their talents as well as, we can arrange educational /awareness programmes for them. An Auditorium is an integral requirement for any school, because, it is fundamental platform for exposure of the immense talent and potential, the students have.

I am thankful and glad to inform that the State Bank of India has given us a grant of Rs.500000/-under the SBI Children's Welfare Fund [2016-17] to help us build the auditorium.

I also thank and appreciate the MB School team which includes the Principal, HODs ,the teachers, office staff members and all the non-teaching staff members, for their unconditional support and dedication .

**Sincerely yours,**

**Mita Parikh**

**(Administrative Trustee)**

MB SCHOOL


# શાળાની ઝલક



Computer lab with Projector



Play ground




School Canteen




Kindergarten paly area



Top Assesment



Smart class




Bio-Metrics Attendant System



CCTV

- બંને શાળામાં ઉપરની તમામ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.
- Top assesment ધો-૯, ૧૦ ના વિદ્યાર્થીને રિમોટ પધ્ધતિથી તમામ પરીક્ષા/પરીણામની સુંદર સગવડ.

# આચાર્યશ્રી ભાવનાબેન પટેલની કલમેથી...






**મારી વિચાર ધારા......**

**શાળા,સમાજ અને માતાપિતા**

આ ત્રણેયના અથાક પ્રયત્ન અને સચોટ માર્ગદર્શનથી એક તંદુરસ્ત સમાજ બને છે.સંસ્કારી સમાજની રચના શિક્ષણથી જ થાય છે. એટલે કે બાળકને નાનપણ(જન્મ)થી માતા-પિતા અને ત્યાર પછી સમાજ અને શાળામાંથી જ કેળવણી પ્રાપ્ત થાય છે.

બાળક પોતાના નાના મગજમાં કેટલાય પ્રશ્નો સાથે પોતાની જાતને કંડારવાનો પ્રયત્ન કરે છે.આ પ્રયત્નમાં મદદ કરવાની સહિયારી જવાબદારી માતા-પિતા,શાળા અને સમાજની છે.

અહીં હું એવું જરૂર કહીશ કે આપણી એમ.બી.સ્કુલ આ દિશામાં વિદ્યાર્થીને સંપૂર્ણ માર્ગદર્શન રમતાં-રમતાં અને રમાડતાં-રમાડતાં શિખવી રહી છે. સમાજને સુસંસ્કૃત બનાવી અને વિદ્યાર્થીઓના જીવન ઘડતર કરી રહી છે.જેનો ચિતાર તો આ આપણી પ્રતિબિંબ સમી પુસ્તિકામાં આપણને આપેલ છે.

આમ, "ભણતર અને ગણતર એક જ સિક્કાની બે બાજુ છે", જેના થી જ જીવનનું ઘડતર થાય છે.

ભણતર + ગણતર = ઘડતર



આ ચિત્રમાં એક શિલામાંથી પોતાનું જ શિલ્પ કંડારતા એક છોકરાનું નિરૂપણ છે.
અડધું શિલ્પ હજી કંડારવાનું બાકી છે. ચિત્રમાં માર્મિક બાબત એ છે કે,
છોકરાના હાથમાં હથોડી અને ટાંકણું છે તથા તે પોતે જ પોતાની જાતને પથ્થરમાંથી
આકારી (કંડારી) રહ્યો છે.બાળકને પોતાની જાતને કંડારવા માટે મદદ કરવાની
સહિયારી જવાબદારી માતા-પિતા,શાળા અને સમાજની છે.

આચાર્ય શ્રી
ભાવના એમ.પટેલ
(M.A.B.ED)

## બાલમંદિર વિભાગના મુખ્ય શિક્ષક
## શ્રી હર્ષદ પટેલની કલમેથી...

### "કેળવણી એટલે વ્યક્તિનો સમાજ ઉપયોગી વિકાસ"



શાળામાં બાળકના સર્વાંગી વિકાસ માટે આજના આ આધુનિક યુગમાં ટેકનોલોજી સાથે કદમ મિલાવી ચાલી શકે તે માટે વિદ્યાર્થીનોને સ્માર્ટ ક્લાસ થકી અભ્યાસ તેમજ પઝલ્સ ગોઠવણી જેવી કેટલીક પ્રવૃત્તિઓ વડે જ્ઞાન પીરસવામાં આવે છે.સાથે સાથે તેમના બૌધ્ધિક વિકાસ માટે પ્રયત્ન કરવામાં આવે છે. છે."આજનું બાળક એ આવતી કાલ નું ઉજ્જવળ ભવિષ્ય  છે".માટેતેનો શારીરિક વિકાસપણ એટલો જ જરૂરી છે.

આમ, છતાંયે જે કોઈ બાળકમાં કચાશ રહી હોય તેવા બાળકોને શોધી તેમને અલગ વર્ગમાં અલગ શિક્ષક રાખી તેમને Appreciate કરવા "પ્રિય વિદ્યાર્થી પ્રોજેક્ટ વર્ગ" છેલ્લા ૨ વર્ષથી અમારી સિધ્ધિ બની રહી છે. આ ઉમદા કાર્યમાં શાળાના ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી તેમજ શિક્ષકગણનો સાથ અને વાલીઓનો સહકાર સાંપડે છે.જે હંમેશા મને શક્તિ અને માર્ગદર્શન પૂરું પાડે છે.
બસ આટલું કહી હું મારા શબ્દોને વિરામ આપુ છું

હર્ષદ આર. પટેલ

**(M.A.,Music Vishard-1)**

## પ્રાથમિક વિભાગના મુખ્ય શિક્ષિકા
## શ્રીમતી રીમા પટેલની કલમેથી...



શ્રેષ્ઠ શિક્ષક સુદ્રઢ અને તંદુરસ્ત સમાજનું મહત્વનું અંગ છે. વિદ્યાર્થીમાં પડેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાની સુંદર કળા હોય છે. શિક્ષક શિક્ષણકાર્યની સાથે સાથે કેળવણી આપવાનું કાર્ય પણ કરે છે. સાચો શિક્ષક તો જ્યોતિર્ધર સમાન છે સુદ્રઢ અને તદુરસ્ત સમાજની રચનામાં શિક્ષક સમાજની કરોડરજ્જુ સમાન છે. મુખ્ય શિક્ષક પ્રેરણાનો સ્રોતછે.જેમણે શાળાનું શિક્ષણકાર્ય સુચારૂ રૂપે ચલાવવાની આગવી સૂઝબૂજથી કામ કરે છે અને બાળકોને આવતી કાલના શ્રેષ્ઠ નાગરિક એક કુંભારની ભૂમિકા ભજવે છે. પોતાના મૃદુ હાથોથી જેમ કુંભાર ઘડાનો સુંદર ઘાટ આપે છે.ત્યારબાદ  લાકડાની ટીપણીથી હળવા હળવા હાથે સુંદર ઘડો તૈયાર કરે છે. તેમ નાના કુમળા બાળકોમાં સુસંસ્કાર જ્ઞાન અને સાહસ જેવા ગુણો ખીલવે છે. અને શ્રેષ્ઠ નાગરિક બનાવે છે.

રીમા પટેલ

**(B.A.,B.ed)**

## અપર પ્રાથમિક વિભાગના મુખ્ય શિક્ષિકા
## શ્રીમતી સાફિન શેખની કલમેથી...



तमसो मा ज्योतिर्गमय।   અર્થાત :"અંધકારથી મને પ્રકાશ તરફ લઇ જાઓ" આ પ્રાર્થના ભારતીય સંસ્કૃતિનું મૂળ છે. પ્રકાશમાં વ્યક્તિને બધુ જ દેખાય છે અંધકારમાં નહિ. અહીં પ્રકાશ એટલે "જ્ઞાન-વિદ્યા-શિક્ષા" અંધકારરૂપી અજ્ઞાનથી દૂર પ્રકાશરૂપી જ્ઞાન તરફ લઇ જાય તે શિક્ષક અને તે સ્થળ એટલે વિદ્યામંદિર...

જ્ઞાન એ વ્યક્તિનું વર્તમાન અને ભાવિ જીવન યોગ્ય બનાવે છે.તેની કાર્યક્ષમતા અને બુધ્ધિમત્તા વધારે છે તેને પ્રગતિના પથ પર લઇ જાય છે.વિદ્યા થી વિનય, વિનય થી યોગ્યતા અને યોગ્યતાથી જીવનમાં કીર્તિ પ્રાપ્ત થાય છે. વિદ્યા શ્રેષ્ઠ ધન છે. જે આપવાથી વધે છે ઉન્નતિનું પ્રથમ સોપાન શિક્ષા છે. અને જે આપણે શાળામાંથી પ્રાપ્ત કરીએ છીએ.

*"A Child without Education,Is like a bird without wings."*

સાફિન શેખ

(B.com,PGDCA,MCA)

## માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના મુખ્ય શિક્ષિક

## શ્રી પિયુષ પટેલની કલમેથી...

"વિદ્યાર્થી કાળ એટલે જીવનમાં સ્વપ્નો સાકાર કરવાની સોનેરી તક"



"વિદ્યા અર્થે જે પ્રયત્નો કરે તે વિદ્યાર્થી સાચો વિદ્યાર્થી ઘરની મર્યાદાઓ શાળાની મર્યાદાઓ કે સમાજની મર્યાદાઓ ઓળંગતો નથી.તે હંમેશા ગુરૂજનોને માન સન્માન આપનારો માતાપિતાની આજ્ઞાનું પાલન કરનારો હોય છે જે વિદ્યાર્થી પ્રયત્નશીલ છે. તેને અવરોધો કે અડચણો નડતા નથી."અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી." એ ઉક્તિ પ્રમાણે તે ક્યારેય નિરાશ થતો નથી કે પરિસ્થિતિ નો ગુલામ બનતો નથી. આવો વિદ્યાર્થી ઊંચું ધ્યેય રાખે અને તેને સિધ્ધ કરવામાં જ રચ્યો પચ્યો રહે છે. આદર્શ વિદ્યાર્થી વ્યસનોના વમળોમાં ફસાયેલો,કુસોબતમાં સપડાયેલો કે આળસમાં અટવાયેલા હોતો નથી.

- **To Learn Is A Natural Part Of Life.**
- **Learning Is Conscious Mental Process And Unconscious Mental Process Also.**
- **Create An Environment Where One Can Joyfully Learn.**

*" ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો ".*

પિયુષ.પી. પટેલ

(M.com,B.ed)

## સેન્ટર ફોર કમ્પ્યુટર & સ્પોર્ટસ એકેડમી એજ્યુકેશન વિભાગના મુખ્ય શિક્ષિકા

## મૈત્રી પટેલની કલમેથી...



આજના આધુનિક યુગમાં દરેક વિદ્યાર્થીઓને કમ્પ્યુટર એક ટેકનીકલ વિષયનું જ્ઞાન જરૂરી છે. આપણી બંને શાળામાં સ્માર્ટલેબ છે ધો-૩ થી ધો-૧૨ સુધી કમ્પ્યુટર વિષયનું જ્ઞાન જરૂરી છે.તેથી અમે વિદ્યાર્થીઓને જરૂરી અભ્યાસક્રમ મુજબ ચલાવીએ છીએ. જેમાં બેઝિક માહિતી થી લઇને પ્રોગ્રામીંગ ભાષાનો સમાવેશ કરવામાં આવે છે. જે દરેક વિદ્યાર્થીઓને તેમની કક્ષા મુજબ શીખવાડવામાં આવે છે દરેક કમ્પ્યુટર ઈન્ટરનેટથી જોડાયેલા છે જેથી માહિતીની આપ-લે પણ કરી શકાય છે

- સાથે સાથે વિદ્યાર્થીઓમાં રમત-ગમતનું મહત્વ કેટલું છે તે અંગે શાળામાં કોચ રાખી માર્ગદર્શન પુરૂ પડાય છે. અને દરેક વિદ્યાર્થીને પોતાની શક્તિ ખીલવવાનો મોકળો માર્ગ મળે છે.

મૈત્રી પટેલ

(MSC-IT)

# શૈક્ષણિક પ્રવૃત્તિઓ

## વર્ગ પ્રતિનિધિની ચુંટણી

તા:૦૭-૦૬-૨૦૧૭



શાળામાં વર્ગપ્રતિનિધિની ચુંટણીનું આયોજન પ્રાથમિક વિભાગ ધોરણ ૫ થી લઇને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ ૧૨ સુધી કરવામાં આવ્યું, જેમાં દરેક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.જેનું આયોજન વિભાગીય વડા દ્વારા કરવામાં આવ્યું. જેમાં અમુક વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી અને ઉમેદવારી ફોર્મ ભર્યું, ત્યાર બાદ વર્ગખંડના બધા જ વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીના ઉમેદવારને મત આપ્યા અને વર્ગશિક્ષકશ્રીએ મત ગણતરી કરીને વિજેતા ઉમેદવાર જાહેર કર્યા દરેક વર્ગખંડમાં બે ઉમેદવારની પસંદગી કરવામાં આવી અને ત્યાર પછી ચુંટાયેલા ઉમેદવારોને એકસાથે બોલાવી તેમને જવાબદારી સોંપવામાં આવી અને દરેક સોંપાયેલ જવાબદારી નિષ્ઠાપૂર્વક કરવાની ચુંટાયેલા ઉમેદવારોએ ખાતરી આપી.આવી જ રીતે હાઉઝ લીડરની પણ પસંદગી કરવામાં આવી.અને *Blue House*/ *Red House*/*Yellow House*/*Green House* નામ આપવામાં આવ્યા છે. તમામ હાઉઝની મીટીંગ કરી. ત્યાર બાદ દરેક હાઉઝને પોતાની જવાબદારી આપવામાં આવી. જેમાં જે વિદ્યાર્થીઓને લખતાં-વાચતાં ન આવડે તે વિદ્યાર્થીઓને મદદરૂપ થવું, શાળામાં સફાઈ કામ કરાવવું ઇત્તરપ્રવુતિમાં ભાગ લેવાનું જેવી સવિશેષ સોપણી કરવામાં આવી. જેનાથી વિદ્યાર્થીઓમાં ***Team Work***ની પણ આવડત આવે ને સાથે મળીને કામ કરવાનો ઉત્સાહ વધે.





# પ્રવેશોત્સવ

તા:૨૮-૦૬-૨૦૧૭

*"શિક્ષણ એ મારી તક છે.ભણવું એ મારી જવાબદારી છે સિદ્ધિ એ મારૂં ઇનામ છે."*

વિદ્યાર્થીઓમાં અભ્યાસ માટેનો ઉત્સાહ વધે તે માટે શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં નવા બાળકોએ બાલમંદિર વિભાગમાં, ધોરણ-૧,૫,૯,અને ૧૧ ઉપરાંત શાળા બદલી કરીને આવેલા હોય તેવા બાળકો જેમણે પ્રવેશ મેળવ્યો છે. તેમનું સ્વાગત કુમકુમ તિલક કરી મો મીઠું કરવવામાં આવ્યું હતું. બધા વિદ્યાર્થીઓને સાથે બેસાડી "વિદ્યાની દેવી માં સરસ્વતી" ની આરાધના કરી પ્રાર્થના ગીત ગાઈ ને પ્રવેશોત્સવની ઉજવણી કરી.



" બાળકો ને આંગળી પકડીને ચાલતા "મા" શીખવે છે.જ્યારે દુનિયાનું જ્ઞાન અને દુનિયા માં ચાલતા એક શિક્ષક જ શીખવે છે."







# જિલ્લા કક્ષાએ વિજ્ઞાનમેળામાં શાળાએ લીધેલો ભાગ તા:૨૧-૦૮-૨૦૧૭ થી ૨૨-૦૮-૨૦૧૭

## વિજ્ઞાન મેળો

દુનિયામાં ટેક્નોલોજીનો વધતો ઉપયોગ જોઈને શાળામાં પણ વિદ્યાર્થીઓને ટેકનોલોજીમાં રુચિ કેળવાય એ હેતુથી  સાયન્સ ફેરમાં ભાગ લીધો.વિજ્ઞાન મેળો એક સ્પર્ધા છે. જેમાં પ્રતિસ્પર્ધી પોતાની બનાવેલી વિજ્ઞાન પરિયોજના પ્રસ્તુત કરે છે.તે વિજ્ઞાનમેળો માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન જેવા વિષયોમાં રસ પ્રદાન કરે છે.ગાંધીનગર જિલ્લા વિજ્ઞાન મેળા શિક્ષણ સમિતિ દ્વારા આ વર્ષે જીલ્લાની તમામ શાળાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. હતો. જેમાં જીલ્લાની કુલ ૧૦૦ ઉપરાંતની શાળાઓએ વિવિધ પ્રકાર મોડલ રજૂ કર્યા હતા, જેમાં આપણી શાળાના બે




મોડલ તૈયાર કરવામાં આવ્યા હતા, પ્રયોગને સફળ બનાવવા માટે શાળાના વિજ્ઞાન શિક્ષક શાહ રચનાબેન તથા પરમાર યશવંતભાઈ અને ધોરણ ૯ની વિદ્યાર્થીની પટેલ અંજલી તથા પ્રજાપતિ અર્પણનો ફાળો હતો. તથા ધોરણ-૧૦ની વિદ્યાર્થીની વાઘેલા હેમાંગી તથા વાઘેલા હિરલ  વિજ્ઞાન મેળામાં ભાગ લીધો અને  તેમને પ્રમાણપત્ર અને ઇનામ મેળવ્યા હતા. આપણી શાળાના શિક્ષકશ્રીઓને પણ  પ્રમાણપત્ર અને ગીફ્ટ આપીને





કામગીરીને બિરદાવી હતી.  આ રીતે શાળાનું ગૌરવ  વધાર્યું હતું.

# एक कदम स्वच्छता की ओर

તા:૨૭-૦૯-૨૦૧૭




શાળામાં છેલ્લા બે તાસમાં દરેક વિભાગમાં સ્વચ્છ શાળા અભિયાનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. જેમાં તમામ હાઉઝના વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક ભાગ લીધો, જેમાં ધોરણ ૧ થી ૧૨ માં શાળાના મેદાનની,બગીચાની પાણીની ટાંકીની સફાઈ હાથ ધરવામાં આવી હતી.તેમજ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સ્વચ્છ ભારત  વિશે ચિત્ર સ્પર્ધાનું પણઆયોજન કરેલું  જેમાં શિક્ષકોના માર્ગદર્શન  હેઠળ ખૂબ જ સરસ રીતે સફાઈ કામકાજ પૂર્ણ થયું હતું











# ધ્યાન શિબિર તા:૦૬-૧૨-૨૦૧૭ થી તા:૦૯-૧૨-૨૦૧૭

જીવન જીવવાની કળા વિષય માટે અત્રે શાળામાં શ્રી નીમિતા બેન અને રચિતાબેન પધાર્યા હતા. ચાર દિવસની સુદર્શન ક્રિયા કરાવી હતી.જેમાં ધ્યાન/એકાગ્રતા ના કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુ થી ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.











# વાલી મીટીંગ સપ્તાહ (પ્રથમસત્ર)

તા:૨૪-૦૭-૨૦૧૭ થી તા:૨૯-૦૭-૨૦૧૭

અમારી શાળામાં આવતા વિદ્યાર્થીઓ વિશે દરેક બાબતનું ધ્યાન રાખવામાં આવે છે, જેના માટે શાળામાં વાલી મીટીંગનું પણ આયોજન દર વર્ષે કરવામાં આવે છે. વાલીશ્રીઓ શાળામાં કરવામાં આવતી દરેક પ્રવૃત્તિ વિશે જાણ કરવામાં આવે છે. અને વાલશ્રીઓ પણ પોતાના અભિપ્રાય આપે છે અને શાળામાં તે અભિપ્રાય થકી સર્વ સામાન્ય નિર્ણય લેવામાં આવે છે.વિદ્યાર્થી સયુંકત વાલીમીટીંગ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓનો સાથ સહકાર ખુબ જ મળ્યો અને ત્યાર પછી વાલીઓને જે પ્રશ્નો હતા એનુ નિરાકરણ કર્યું આમ, વાલીમીટીંગ સરસ રીતે પૂર્ણ થઈ.












# RTE મીટીંગ

સરકારશ્રીના આદેશ અનુસાર દર વર્ષે ધોરણ-૧માં RTE act અતંર્ગત પ્રવેશ અપાય છે.

- ચાલુ વર્ષે ધોરણ ૧ ના ૨૯ બાળકોની ફી માફી કરવામાં આવેલ છે.
- તેમજ ધોરણ ૨ થી ૪ ના ૪૭ બાળકોની ફી માફ કરવામાં આવેલ છે.
- તે માટેની મીટીંગ પણ શાળામાં ગોઠવાય છે.







# વાલીમીટીંગ સપ્તાહ દ્વિતીય સત્ર

તા:૦૨-૦૧-૨૦૧૮ થી ૦૯-૦૧-૨૦૧૮

## પ્રિય પ્રોજેક્ટ અંતર્ગત વાલીમીટીંગ

શાળાએ શરૂ કરેલ પ્રિય પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓની વાલીમીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જે બાળકોને લખતા,વાચતાં ઓછું આવાડતું હોય નિયમિત હાજરી ના હોય,શિસ્તનો અભાવ જણાય તેવા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓને બોલાવ્યા.તેમાં વાલી સાથે વિદ્યાર્થીઓને પણ બેસાડીને સચોટ અને અગત્યની સૂચનાઓ આપી.આચાર્યશ્રી ભાવનાબેન દ્વારા પણ મીટીંગમાં સારી સમજૂતી આપવામાં આવી.આમ,બધા વાલીઓનો આભાર માનીને કાર્યક્રમ પુરો કર્યો.


## પ્રવાસની વાલીમીટીંગ

બાલામંદિર વિભાગમાં પ્રવાસનું આયોજન કરેલ હતું.જેમાં પ્રવાસમાં આવનાર વિદ્યાર્થીઓ માટે વાલીમીટીંગનું આયોજન તા:-૦૫-૦૧-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું.જેમાં વાલીઓને સૂચનાઓ આપી જેમ કે પ્રવાસનો સમય, પ્રવાસમાં સાથે લઈ જવાની વસ્તુઓ તેમજ સંમતિપત્રકમાં વાલીની સહી કરાવી અને બધા વાલીઓનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમપૂર્ણ કર્યો.

## બોર્ડની પરીક્ષાના માર્ગદર્શન અંતર્ગત વાલીમીટીંગ

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની વાલીમીટીંગનું તારીખ : ૦૬-૦૧-૨૦૧૮ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં ધોરણ ૧૦ અને ૧૨ ના બાળકોને બોર્ડની પરીક્ષાની પૂર્વ તૈયારી કેવી રીતે કરવી, તેમને મુંઝવણ વાળા પ્રશ્નો,તેમજ બોર્ડની પરીક્ષા પછી કારકિર્દી અંગેનું માર્ગદર્શન આપતા તમામ પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓ પોતાના વાલીશ્રી સાથે આ મીટીંગમાં હાજરી આપી હતી.આવી રીતે વર્ષમાં બંને સત્રને અંતે વિદ્યાર્થી-વાલી કાઉન્સીલીંગ માટે મિટીંગો લેવાય છે.






# શૈક્ષિણક પ્રવાસનું આયોજન તા:૦૮-૦૧-૨૦૧૮ થી ૧૦-૦૧-૨૦૧૮

શાળામાં બાળકોને ભણવાની સાથે સાથે બહારની દુનિયા જોવાનું જાણવાનું કુદરતના ખોળે ખેલવાના અને તેના વિશે જ્ઞાન મળે એ હેતુ થી શાળામાં દર વર્ષે શૈક્ષિણક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે તેમ આવખતે પણ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગ પ્રમાણે સ્થળો નક્કી કરવામાં આવ્યા હતા.

## બાલમંદિરનો પ્રવાસ




બાલમંદિર વિભાગમાં સોમવારે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રવાસના સ્થળો અંબોડ,અમરનાથ,ઋષિવન ગાર્ડન હતા. જેમાં નાના ભુલકા રમ્યા જમ્યા,ફર્યા અને સાંજે પેથાપુર પરત ફર્યા











## અપર પ્રાથમિક વિભાગ ધોરણ ૫ થી ૮ અને માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ-૯ થી ૧૨ માં પ્રવાસનું અયોજન તા:૦૮-૦૧-૨૦૧૮


ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજાયો. જેમાં કચ્છ જીલ્લાના ભુજ,માંડવી,અને અંજારની મુલાકાત લીધી હતી. જેમાં ભૂજ સ્વામીનારાયણનું મંદિર,આયનામહેલ,પ્રાગમહેલ વિજય વિલાસ પેલેસ અને મ્યુઝિયમની મુલાકાત લીધી ત્યાંથી માંડવી તરફ ગયા ત્યાં સુંદર દરિયાકિનારાની મુલાકાત લીધી વિદ્યાર્થીઓણે પણ ખુબજ મજા આવી ત્યાંથી અંજાર ગયા ત્યાં જેસર-તોરલની સમાધિની મુલાકાત લીધી આમ ખુબજ આનંદથી પ્રવાસ પૂર્ણ કર્યો.






# પ્રાથમિક વિભાગનો પ્રવાસ તા:૧૦-૦૧-૨૦૧૮





<u>પ્રાથમિક વિભાગના પ્રવાસનું આયોજન</u> કરવામાં આવેલું,જેમાં મહેસાણા દૂધસાગર ડેરી,સિધ્ધપુર બિંદુસરોવર,ઇકબાલગઢ જેસોરનું વન્ય અભ્યારણ જેવા સ્થળોએ પ્રવાસ યોજવામાં આવ્યો. જેમાં સૌપ્રથમ મહેસાણા દૂધસાગર ડેરીમાં ગયા ત્યા બાળકોને ડેરીની મુલાકાત કરી દુધની બનાવટો વિશે સમજાવ્યા, ત્યાથી ઇકબાલગઢ જવા નીકળ્યા ત્યાં રસ્તામાં રામદેવપીરનું મંદિર હતું જ્યાં દર્શન કરી અને બપોરનું ભોજન પણ લીધું ત્યાંથી બધા ઇકબાલ ગઢ તરફ રવાના થયા ત્યાં કેદારનાથ મંદિર હતું જ્યાં ૧૦૦ પગથીયા ચડી બાળકો સાથે રમતા અને મસ્તી કરતા દર્શન કર્યા પછી જેસોર વન્ય અભ્યારણની મુલાકાત લીધી. ત્યાંથી સિધ્ધપુર ગયા ત્યાં બિંદુસરોવર,અલ્પાસરોવર, રુદ્રમહાલય જોયા તેના વિશેની માહિતી વિદ્યાર્થીઓને આપી આમ સમગ્ર પ્રવાસ શાંતિથી પૂર્ણ કર્યો.





# વિવિધ ઉજવણી

આપણા ભારત દેશમાં વિવિધ તહેવાર, વિવિધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.જેમાં સામાજિક અને રાષ્ટ્રીય બે પ્રકારના તહેવાર આપણે ઉજવીએ છે. જે ભારત દેશની સંસ્કૃતિની આગવી ઓળખ છે. અને આ ઓળખ અને સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે આપણી શાળામાં પણ વિવિધ કાર્યક્રમ કરવામાં આવે છે જે ચિત્રાત્મક અને લેખિતમાં નીચે રેખાંકિત કરેલ છે.સાથે સાથે વિવિધ દિવસોની પણ ઉજવણી થાય છે.

## પર્યાવરણ દિવસ તા:-૦૫-૦૬-૨૦૧૭



પર્યાવરણ દિવસ યોગ અને પર્યાવરણનો સંયોગ અમે શુક્રવારના રોજ બાલમંદિર થી લઈને દરેક વિભાગમાં પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેનું ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે બાલમંદિર વિભાગથી લઈ તમામ વિદ્યાર્થીઓ લીલા કપડા પહેર્યા હતા.તેમ જ શિક્ષકો પણ લીલા કપડામાં આવ્યા હતા આ દિવસે બાલમંદિરના બાળકોને લીલો શરબત અને નાસ્તામાં મગ આપવામાં આવ્યા હતા.ધોરણ ૧ થી ૪ ના બાળકોએ પણ તેમા ભાગ લીધો જેમાં વિદ્યાર્થીઓ વૃક્ષના પોસ્ટર લગાવી ને વૃક્ષ બનાવ્યા .તેમજ ધોરણ ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ વૃક્ષ વિશે અને પર્યાવરણના સુત્રો ધ્યેય વાક્યો બનાવવાની પ્રવૃત્તિ કરી હતી તેમજ ધોરણ ૯ થી ૧૨માં ઉજવણી અનોખી રીતે કરી અને શિક્ષણના ભાગ રૂપે પર્યાવરણવિષય પર નિબંધ,ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ જે અહી રજૂ કરી છે.





## "SAVE TREES SAVE EARTH"





## યોગ દિવસ   તા:૨૧-૦૬-૨૦૧૮

વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં દરેક વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. અને જેમાં પવનમુક્તાસન,હલાસન,ગૌમુખાસન,વક્રાસન,ધનુરાસન, પર્વતાસન વગેરે યોગાસનો કરવામાં આવ્યા.તેમજ યોગના ફાયદાઓ સમજાવ્યા હતા. વળી ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ એક સાથે મેદાનમાં યોગ કર્યા હતા.જે નજારો જોવાલાયક હતો જેની ઝલક અહીં મૂકી છે.









# ગુરુપૂર્ણિમા

તા:૦૮-૦૭-૨૦૧૭



ગુરુ મહિમા દર્શાવતો દિવસ જેની ઉજવણી શાળામાં કરી. જેમાં મુખ્ય આચાર્યશ્રી ભાવનાબેન દ્વારા દીપપ્રાગટ્ય કરી આ કાર્યક્રમની શરૂઆત કરી હતી,ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુરૂ પૂજન કર્યું અને ગુરૂશિષ્ય મહિમાના કાર્યક્રમ આપ્યા દરેક વિભાગના મુખ્ય શિક્ષકશ્રીઓ દ્વારા ગુરૂજીનો મહિમા જણાવ્યો જેની લાક્ષણિક ઝલક.







# રક્ષાબંધન તા:૦૫-૦૮-૨૦૧૭

'રક્ષાબંધન' એક સામાજિક ભાવના વિકસાવતો આ તહેવાર છે. શાળાના વિશાળ પટાંગણમાં ઉજવણી કરી.












# સ્વાતંત્ર્ય દિન તા:૧૫-૦૮-૨૦૧૭



<u>રાષ્ટ્રીય તહેવાર ૧૫મી ઓગસ્ટની ઉજવણી</u> ભારત ભરમાં કરવામાં આવે છે આપણી શાળામાં પણ સ્વતંત્રતા દિવસની ખુબ જ સરસ રીતે ઉજવણી કરવામાં આવી, જેમાં શાળાના ટ્રસ્ટીશ્રી,આચાર્યશ્રી,દરેક વિભાગના વડાશ્રીઓ,શિક્ષકગણ અને બધા જ વિભાગના વિદ્યાર્થીઓ હાજર રહીને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને સલામી આપી. વિદ્યાર્થીઓએ શહીદો ની યાદમાં સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યા જેમાં દેશ માટે પ્રેમ અને બલિદાન માટેનો જુસ્સો જોવા મળ્યો હતો. બધાજ એક સાથે ભારતીય રાષ્ટ્રીય ગીત"જન્ ગણ્ મન્ "ગાયું .આખું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું.ભારત માતાકી જય..ના નારા થી આકાશ ગુંજી ઉઠ્યું.










# જન્માષ્ટમી તા:૧૯-૦૮-૨૦૧૭

શાળાના દરેક વિભાગમાં જન્માષ્ટમીનો તહેવાર ઉજવાયો,જેમાં બધાએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો.












# સ્વયં શિક્ષક દિન તા:૦૫-૦૯-૨૦૧૭



પાંચમી સપ્ટેમ્બર એટલે સ્વયં શિક્ષક દિન. આ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કરી હતી. બાલમાંદિર વિભાગમાં અનોખી રીતે ઉજવણી કરી વાલીશ્રીઓ શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી. ધોરણ ૧ થી ૧૨ના દરેક વિભાગમાં વિદ્યાર્થીઓ શિક્ષક બનીને ઉત્સાહથી ભાગ લીધો, ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અગાઉથી જ તેમના વિષયો અને તાસ ફાળવી આપ્યા હતા, દરેક વિદ્યાર્થી અલગ અલગ ભૂમિકામાં ભાગ ભજવ્યો હતો, જેવા કે આચાર્ય, શિક્ષક, કોમ્પ્યુટર શિક્ષક, પટ્ટાવાળા, વોચમેન બન્યા હતા. એ દિવસે ૧ થી ૬ તાસ નું આયોજન કરવામાં આવ્યું હતું દરેક વિદ્યાર્થીઓના તાસ નું નિરીક્ષણ શિક્ષકશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ છેલ્લા બે તાસમાં વિદ્યાર્થીઓના અનુભવો જાણવામાં આવ્યા,અને શ્રેષ્ટ કામગીરી કરનાર આચાર્ય, શિક્ષક, કોમ્પ્યુટર શિક્ષક, આચાર્ય, પટ્ટાવાળા, વોચમેન ની સારી કામગીરી ને બિરદાવી અને સર્ટી એનાયત કર્યા.



એમ.બી. ફાઇનાન્સ સ્કૂલ, પેથાપુર
પેથાપુરની એમ.બી. સ્કૂલના બાલમંદિરના નાના ભૂલકાંઓના
...વાલીઓએ શિક્ષક બની કામગીરી સંભાળી હતી. આ ઉપરાંત ધો-૧ થ...
...ના વિદ્યાર્થીઓએ પણ ક્ષમતા મુજબ વિષયો લઈ શિક્ષક બન્યા હત...

પ્રેસ નોટ









# નવરાત્રી તા:૨૩-૦૯-૨૦૧૭


શાળાના તમામ વિભાગોમાં ગુજરાતના હૃદય સમા મુખ્ય તહેવાર નવરાત્રીની ઉજવણી થઈ
















# દિવાળી તા:૧૪-૧૦-૨૦૧૭











પ્રથમ સત્ર સમાપન દિને દિવાળી ઉજવણી

# દ્વિતીય સત્રની શરૂઆતમાં નવા વર્ષની ઉજવણી તા:૦૬-૧૧-૨૦૧૭


બાલમંદિરથી લઇને દરેક વિભાગમાં નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં આચાર્યશ્રી, દરેક વિભાગીય વડા,શિક્ષકગણ,અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.નવા વર્ષની ઉજવણીમાં બધાજ સાથે મળીને શાળામાં સરસ્વતીદેવી ની વંદના કરી અને દરેકે પોતાની ઓફિસનું મુર્હુત કર્યું. બધા જ વિદ્યાર્થીઓ ને ચોકલેટ આપી આ જ દિવસે ધોરણ- ૫ થી ૧૨ માં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખુબ જ આનંદ પૂર્વક દિવસની ઉજવણી કરી છુટા પડ્યા.















## શાળાના સ્થાપના દિન ઉજવણી કાર્યક્રમ
## તા:૦૬-૧૨-૨૦૧૭

શાળાના સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ ચિત્રસ્પર્ધા અને નિબંધ સ્પર્ધા આયોજન કર્યું હતું.જેમાં દરેક વિદ્યાર્થીએ પોતાના રસ મુજબ ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને યોગ્યતા પ્રમાણે વિજેતા પણ જાહેર કરવામાં આવ્યા હતા.





## માતૃદિન તા:૦૮-૧૨-૨૦૧૭



બાલમંદિર વિભાગમાં માતૃદિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એક થીમ પણ રાખી હતી,જેમાં લાલ કલરના કપડા પહેરીને માતૃદિનની ઉજવણી કરવામાં આવી હતી અને શાળામાં પણ બધા શિક્ષકોએ સ્ટેજ સુશોભન પણ લાલ કલરથી કર્યું હતું.આ કાર્યક્રમની શરૂઆત વાલીઓના શાબ્દિક સ્વાગતથી કરી અને પછી વાલીઓને રમત રમાડી તથા દરેક વાલીઓને ઘરેથી શાકભાજી પણ મંગાવ્યા હતા. રમતમાં દરેક વાલીઓએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો જેમાં લીંબુ ચમચી, બેલેન્સ દોડ, સંગીત ખુરશી જેવી રમતો રમાડી અને વિજેતા નંબર પણ જાહેર કર્યા હતા, તેમજ શિક્ષકદિનના દિવસ જે વાલીઓએ ભાગ લીધો હતો અને વિજેતા થયા તેમને ઇનામ પણ આપ્યા, છેલ્લે ભાવનાબેને વાલીઓને પ્રવચન આપ્યું અને મમ્મીઓને ચોકલેટ આપી અને આ કાર્યક્રમ આંનદ પૂર્વક પૂર્ણ કર્યો હતો.



## નાતાલ તા:૨૩-૧૨-૨૦૧૭

નાતાલની ઉજવણીમાં વિદ્યાર્થીઓએ બહુ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.તેમની વેશભૂષા રાખી હતી. તેમાં અમુક બાળકો શાન્તાક્લોઝ. માતાજી.પોલીસ.પરી.રાધા.સૈનિક બની ને ભાગ લીધો હતો.આ કાર્યક્રમની શરૂઆત ભૂલકાઓને પ્રાર્થના ગીતથી કરી હતી પછી બધા બાળકોને ક્રિસમસ ગીત ગવડાવી અને મ્યુઝિકના તાલે ખુબ જ મસ્તી કરાવી







અને શાન્તાક્લોઝ ના હાથે આચાર્યશ્રી ને તથા બધા જ શાળાનાં શિક્ષકોને ચોકલેટ અપાવી.


## પતંગોત્સવની ઉજવણી તા:૧૩-૦૧-૨૦૧૮


ધોરણ ૫ થી ૧૨માં પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બધાજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.એકસાથે શાળાનાં મેદાનમાં વિદ્યાર્થીઓએ પતંગ ઉડાવ્યા અને આખા આકાશને રંગબેરંગી પતંગથી ભરી દીધું હતું. લપેટ.... અને કાયપોજ છે.... ની બુમોથી શાળામાં અનેરો જ માહોલ ઉભો થયો હતો.એકબીજાના પતંગ કાપી અને વિદ્યાર્થીઓએ ખુબજ મજા લુંટી હતી.અંતે ગરબાના તાલે ઝૂમી બધા છુટા પડ્યા HAPPY UTTARAYAN કર્યા.



















## ગણતંત્ર દિન તા:૨૬-૦૧-૨૦૧૮









શાળામાં ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે શાળાના




ટ્રસ્ટીશ્રી મિતાબેન પરીખ અને શ્રી સંજીવભાઈ પરીખ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે યુ.કે. ના ક્રિસભાઈ , જુલીબેન હતા તેમજ ગામના વડાઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શાળા પરિવારે રાષ્ટ્રધ્વજને સલામી આપી.ઝંડાગીતનું ગાન કરી રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ અને જનગણમન નું ગાન કર્યું.કાર્યક્રમની શરૂઆત ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓની પરેડથી થઇ. આમ,શાળાનું સમગ્ર વાતાવરણ દેશ ભક્તિના રંગમાં રંગાઈ ગયું.આજ દિવસે ઇનામ વિતરણ પણ રાખેલું જેમા જે વિદ્યાર્થીઓ ૧ થી ૩ નંબર પ્રાપ્ત કર્યા તેવા વિદ્યાર્થીઓને ઇનામ આપ્યા શાળામાં શ્રેષ્ઠ વિદ્યાર્થી અને ૧૦૦% હાજરી વાળા વિદ્યાર્થીઓને ઇનામ આપ્યા.

# ઈત્તર પ્રવૃત્તિ

શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તેમનામાં રહેલી શક્તિઓને બહાર લાવવા માટે શાળા હમેશા પ્રયત્નશીલ રહે છે.દરેક વિભાગમાં અલગ અલગ રીતે જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જે નીચે દર્શાવવામાં આવ્યું છે.

## ગીત-અભિનય ગીત તા:૧૨-૦૭-૨૦૧૮








## અભિનય ગીત એટલે અભિનય સાથે ગીત ગાવું

બાલમંદિર તેમજ ધોરણ ૧ થી ૪ માં અભિનયગીત તેમજ બાલગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.અને દરેક વર્ગખંડના બાળકોએ પોતાની રીતે ગીત ગાઈને અભિનય રજૂ કર્યા. જેમાં બાળકોને પણ ખુબ જ મજા આવી અને અવનવા ગીત સાથે સુંદર માહોલ ઉભો થયો.

## એક દિવસીય મુલાકાત તા: ૧૯-૦૭-૨૦૧૭

શાળાના વિદ્યાર્થીઓને પાંજરાપોળની મુલાકાત અને જૈન દેરાસરના દર્શન કરાવ્યા પાંજરપોળમાં વિવિધ પ્રાણીઓને નિહાળ્યા અને કેવી રીતે તેમની કાળજી લેવામાં આવે છે તેનું માર્ગદર્શન લીધું જે બધા જ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ યાદગાર ટ્રીપ થઈ ગઈ બધાએ ખુબ આનંદ કર્યો


## રાખડી -ધ્વજ બનાવટ સ્પર્ધા તા:૦૨-૦૮-૨૦૧૭

શાળામાં દરેક વિભાગમાં રાખડીબનાવટ અને ધ્વજ બનાવટ સ્પર્ધાનું આયોજન કરાયું. ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓની ઉંમરને ધ્યાનમાં રાખી સ્પર્ધાઓ આપી શિક્ષક મિત્રોએ દરેક વિદ્યાર્થીઓ પાસે આ કામગીરી કરાવી, ખાસ કરીને પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓ કંઇક પ્રાપ્ત કરે અને જે તહેવાર નજીક હોય તેને અનુરૂપ પ્રવૃતિઓ રાખવામાં આવી.









## ચિત્રસ્પર્ધા તા:૦૯-૦૮-૨૦૧૭

ધોરણ- ૫ થી ૮ માં ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું જેમાં વિદ્યાર્થી બહેનો અને ભાઈઓ માટે ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૫ અને ૬ માટે અક્ષર લેખન અને ધોરણ ૭ ,૮ માટે પદાર્થચિત્ર નો વિષય આપવામાં આવ્યો હતો










## નિબંધ/વકતૃત્વ સ્પર્ધા તા:૨૩-૦૮-૨૦૧૭



વકતૃત્વ


ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓએ "મારા સ્વપ્નનો દેશ" અને "મારા સ્વપ્નની શાળા "વિષયપર નિબંધ લેખન અને વક્તવ્ય આપવામાં આવ્યા.જેનાથી અભિવ્યક્તિ અને મૌલિકતા ખીલે એ હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ હાઉઝ પ્રમાણે સરસ રીતે યોજાયા .જેમાં અમુક બાળકોએ લેખિત અને મૌલિક રીતે પોતાના વિષય પર વકત્વ્ય આપ્યા અને શિક્ષકોશ્રીઓએ એમનું મુલ્યાંકન કર્યુંઅને વિજેતા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કર્યા.



નિબંધ લેખન



વકતૃત્વ સ્પર્ધા





## મહેંદી સ્પર્ધા

તા:૧૫-૧૧-૨૦૧૭

ધોરણ ૫ થી ૧૨ માં વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાની દરેક વિદ્યાર્થીનીઓએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો,ભાગ લેનાર તમામ પોતાનામાં રહેલી કલા/કૌશલ્ય દ્વારા હાથમાં સુંદર મહેંદી મૂકી હતી. અને તેમનાં પોતાનામાં રહેલા કૌશલ્યોને બહાર લાવવાનો પ્રયત્ન કર્યો હતો,જેમાં સારી મહેંદી બનાવનારને વિજેતા જાહેર કરવા આવ્યા હતા તે સમયની લાક્ષણિક ઝલક.







મહેદી સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીનીઓ

## પ્રશ્નોત્તરી સ્પર્ધા તા:૨૯-૧૧-૨૦૧૭

જેમાં દરેક હાઉઝ માંથી એક એક વિદ્યાર્થીએ નામ લખાવ્યા હતા.ચાર હાઉઝ વચ્ચે સ્પર્ધાનું આયોજન કર્યું હતું,જેમાં વિષય અગાઉથી જ આપી દેવામાં આવ્યો હતો. જેના વિશે ધોરણ ૫ થી ૧૨ માં પ્રશ્નો પૂછ્યા હતા વિદ્યાર્થીઓએ ખુબ જ સરસ રીતે પ્રશ્નો ના જવાબ આપ્યા હતા, આમ, શાંતિપૂર્વક પ્રવૃત્તિ પૂર્ણ કરી હતી.











## આર્ટ &ક્રાફ્ટ તા:૧૩-૦૯-૨૦૧૭

આર્ટ & ક્રાફ્ટ જે બાળકો માટેનો ખુબ જ મનપસંદ વિષય હોય છે. જેમાં બાળકો પોતાની મનગમતી વસ્તુઓ કાગળ પેન, પેન્સિલ,કાતર,ગુંદર,કલરથી નવી વસ્તુઓ બનાવતા હોય છે. આ વિષયમાં પણ બાળકોને રુચિ જાગે અને કઈ નવું કરવાની ભાવના જાગે તે હેતુથી અમારી શાળામાં આવી પ્રવૃત્તિ નું આયોજન કરવામાં આવે છે.આ વિષયમાં દરેક વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને સુંદર પ્રોજેક્ટ પણ બનાવ્યા હતા. જેમાં સારા બનાવેલા પ્રોજેક્ટ શાળાના બોર્ડપર લગાવવામાં આવ્યા અને તે વિદ્યાર્થીઓને નંબર આપી સર્ટીફીકેટ એનાયત કર્યા.




## બૌધ્ધિક કસોટી તા:૨૪-૧૧-૨૦૧૭


### અનાજ - કઠોળ છુટ્ટું પાડવાની પ્રવૃત્તિ

બાલમંદિર વિભાગમાં અનાજ-કઠોળ છુટ્ટું પાડવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં જુનિયર અને સિનીયર કે.જી ના તમામ બાળકોએ ભાગ હતો. બંને વિભાગ ના બાળકોને ૬ ,૭ ના ટુકડીમાં વહેંચી અને ભેગું કરેલું અનાજ – કઠોળ છુટ્ટું પાડવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.આવી પ્રવૃત્તિથી બાળકોનું ધ્યાન કેન્દ્રીત કરી શકે છે અને બાળકોને ખુબ જ મજા આવી હતી.

## પેપર નિદર્શન

આગામી ૨ વિભાગ તેમજ ધોરણ ૧ થી ૧૨ના તમામ વિભાગમાં પેપર નિદર્શન આપવામાં આવ્યા હતા. બધા જ શિક્ષકોએ પોતાના જ ક્લાસમાં પેપર બતાવ્યા હતા. આ દિવસે HOD બધા જ ક્લાસમાં જતા હતા.કોઈ ભૂલ હોય તો ત્યાં શિક્ષકને કહેતા પણ હતા. આ દિવસે વાલીઓ પાસે સુચન કે ફરિયાદ હોય તો તેનુ નિરાકરણ આપ્યું.


## આદર્શ વાંચન



આદર્શવાચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધોરણ-૧ થી ૪ ના બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. અને જે વિદ્યાર્થીઓએ સારૂં વાંચન કાર્ય કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને સર્ટી આપી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વળી આજ દિવસે ધોરણ ૫ થી ૮ માં પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શીઘ્ર લેખન

ધોરણ ૫ થી ૧૨માં શીઘ્રલેખનની પ્રવૃત્તિ કરી જેમાં જે તે વખતે જ વિષય આપવામાં આવે અને તેના વિશે ૧૦ થી ૧૫ વાક્યો લખાવવાના હોય.વિદ્યાર્થીઓએ આં પ્રવૃતિમાં ખુબ જ ઉત્સાહ થી ભાગ લીધો.





## મતદાન જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ તા:૧૨-૧૨-૨૦૧૭



ઉપરોકત વિષય અંગે વિદ્યાર્થીઓએ પોતાની સમજ અનુસાર ખુબ જ સરસ વક્તવ્ય આપ્યું હતું અને મતદાન ના હક વિશે જાણ્યું મતદાનની અગત્યતા સમજી હતી. તમામ વિદ્યાર્થીઓએ ખુબજ રસપૂર્વક ભાગ લીધો હતો.મત આપવો એ સૌ નાગરિકની ફરજ છે. જે વિદ્યાર્થીઓએ સમજ્યું.

## અંતાક્ષરી તા:૨૦-૦૧-૨૦૧૮

વિદ્યાર્થીઓએ અંતાક્ષરીમાં ખુબજ ઉત્સાહથી ભાગ લીધો. જેમાં ત્રણ રાઉન્ડ રાખેલા હતા જેમાં 'અક્ષર'રાઉન્ડ, 'શબ્દ' રાઉન્ડ 'જોડી' રાઉન્ડ જેવા ત્રણ રાઉન્ડ થયા. વિદ્યાર્થીઓ ખુબજ સરસ રીતે અંતાક્ષરી રમ્યા અને દરેક રાઉન્ડમાં પોઈન્ટ આપ્યા આ પ્રમાણે સ્પર્ધા પૂર્ણ થઇ.






# યુવક મહોત્સવ તાલુકા કક્ષા તા:૦૧-૦૮-૨૦૧૭



અમારી શાળામાં તાલુકા કક્ષાનો યુવક મહોત્સવ યોજાયો, જેમાં તાલુકાની જુદી-જુદી શાળાઓ માંથી વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકશ્રીઓ દ્વારા "અ વિભાગ","બ વિભાગ" અને "ખુલ્લા વિભાગ" માં આ યુવા ઉત્સવ ઉજવાયો.ઉપરોક્ત વિષય અંતર્ગત નિબંધલેખન, એકપાત્રીયઅભિનય,ભજન, સમુહગીત,લગ્નગીત,વકતૃત્વ,સમૂહનૃત્ય,તબલાવાદન જેવી





પટેલ કૃપાબેન નિબંધ લેખન નંબર -૧




કાર્તિક પટેલ



મેઘનાબેન લગ્ન ગીત નંબર-૧ (બ વિભાગ)





જુદી-જુદી સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીરમેશભાઈ નાયી અને શ્રીમહેશભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.જેમણે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરી અને યોગ્ય નંબર પણ આપ્યા હતા.જેમાં આપણી શાળામાં "અ વિભાગ","બ વિભાગ"તાલુકા માં નંબર પ્રાપ્ત કરી જીલ્લામાં આગળ ગયા હતા. નંબર પ્રાપ્ત કરનાર નીચે દર્શાવેલ છે.

# રમત ગમત વિભાગ

જિંદગીમાં એકલું ભણતર જરૂરી નથી તેની સાથે રમત જેવી પ્રવૃત્તિઓ પણ જરૂરી છે જેથી શાળામાં વિદ્યાર્થીઓને ભણવાની સાથે સાથે રમત ગમતની પ્રવૃત્તિઓ માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે

## ખેલ મહાકુંભ

<u>ખેલ મહાકુંભ</u>માં આ વખતે આપણી શાળાના પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના <u>170 વિદ્યાર્થીઓએ</u> ભાગ લીધો હતો.જેમાં આપણી શાળાના વિદ્યાર્થીઓ શાળા કક્ષાએ, તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ યોજાઈ ગયેલ રમતોમાં ખુબ જ સરસ દેખાવ કર્યો અને <u>રાજ્ય કક્ષા માટે 6 વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા</u> જેમાં નીચે દર્શાવ્યા પ્રમાણેની રમતોમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

✓ <u>રમતો:-</u>

| | |
|---|---|
| ❖ એથલેટીક્સ | ❖ કુસ્તી |
| ❖ કબ્બડી | ❖ બેડમિન્ટન |
| ❖ ખો-ખો | ❖ રસ્સાખેંચ |
| ❖ જૂડો | ❖ થ્રો બોલ |

❖ <u>કબ્બડી:-</u>

તારીખ:-૦૨-૦૯-૨૦૧૭ ના રોજ ચિલોડા ખાતે બહેનોની કબ્બડી યોજાઈ જેમાં આપણી શાળાની વિધાર્થિનીઓએ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.અને રોકડ ઇનામ મેળવ્યું.

(૧)ડિમ્પલ,(૨)કુંવર,(૩)સિધ્ધ

ખેલ મહાકુંભ૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ દ્વિતીય

2



ભરવાડ કુંવર પેથાભાઈ

સ્પર્ધાનુ નામ: કબ્બડી

ઇનામ:-૧૫૦૦-/

ખેલ મહાકુંભ૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ દ્વિતીય

2



ભટ્ટ રીમ્પલ અમરીશભાઈ

સ્પર્ધાનુ નામ:-કબ્બડી

ઇનામ:-૧૫૦૦-/

ખેલ મહાકુંભ૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ દ્વિતીય

2



તરાર સિદ્ધિ મહેન્દ્રભાઈ

સ્પર્ધાનુ નામ:-કબ્બડી

ઇનામ:-૧૫૦૦-/




❖ કુસ્તી:-

તારીખ:- ૦૧-૦૯-૨૦૧૭ ના રોજ મોટી પાવડી ખાતે ભાઈઓની કુસ્તી યોજાઈ જેમાં બે વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ તૃતીય નંબર મેળવ્યો.

૧)સરફરાજ

૨)શિવ

❖ જુડો:-

તારીખ:- 03-૦૯-૨૦૧૭ના રોજ લીંબોદરા ખાતે ભાઈઓની જુડોની રમત યોજાઈ જેમાં જિલ્લા કક્ષાએ મોહીબ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો અને રોકડમાં ઇનામ મેળવ્યું.

ખેલ મહાકુંભ-૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ દ્વિતીય

2



રાઠોડ મોહીબ

સ્પર્ધાનુ નામ: જુડો

ઇનામ:-3000/-

તારીખ:- 0૪-૦૯-૨૦૧૭ ના રોજ લીંબોદરા ખાતે બહેનોની જુડોની રમત યોજાઈ જેમાં જિલ્લા કક્ષાએ દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો જે નીચે દર્શાવેલા છે

ખેલ મહાકુંભ-૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ દ્વિતીય

2



સૈયદ ફાતેમા ઈઝહાર

સ્પર્ધાનુ નામ: જુડો

ઇનામ:-3000-/

ખેલ મહાકુંભ-૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ દ્વિતીય

2



મેમણ ઉજમાબાનું આરીફભાઈ

સ્પર્ધાનુ નામ: જુડો

ઇનામ:-3000-/

| ખેલ મહાકુંભ-૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ તૃતીય | ખેલ મહાકુંભ-૨૦૧૭-૧૮ જિલ્લા કક્ષાએ તૃતીય |
| --- | --- |
| 3  | 3  |
| સિપાહી પાલારી સાજહેનુરબાનું યુસુફમહંમદ | પઠાણ સાહિન જૈનુલખાન |
| સ્પર્ધાનુ નામ: જુડો | સ્પર્ધાનુ નામ: જુડો |
| ઇનામ:-૨૦૦૦-/ | ઇનામ:-૨૦૦૦-/ |

# શાળા રમતગમત પ્રવૃત્તિ

## શેરી રમત તા: ૨૦-૦૯-૨૦૧૭



"જુની રમતોને યાદ કરાવતી રમતો એટલે આપણી શેરી રમતો" ધોરણ ૫ થી ૮માં બુધવારના રોજ શેરી રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫ થી ૮ ના દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો,જેમાં વિસરાતી જતી રમતો જેવી કે ભમરડો, ગીલ્લીદંડો,સાતોલીયું,લખોટીઓ જેવી રમતો રાખવામાં આવી હતી.શાળાના વિશાળ મેદાનમાં છેલ્લા બે તાસમાં વિદ્યાર્થીઓ એ જુદી જુદી રમતોમાં ભાગ લીધો,નિર્ણાયકો દ્વારા હાઉસ પ્રમાણે રમતોનું નિરીક્ષણ કરવામાં આવ્યું,જુદી જુદી રમતોનું જુદા જુદા હૉઉસ પ્રમાણે નંબર આપવામાં આવ્યા શિક્ષકો અને વિદ્યાર્થીઓના સહયોગથી પ્રવૃતિ સફળ રહી ખુબ જ મજા આવી. અને શેરીમાં રમાતી આં રમતોની યાદ તાજી થઇ.







## ચોકલેટ કૂદકો/લીંબુ ચમચી તા:૧૨-૦૧-૨૦૧૮


બાલમંદિર વિભાગમાં દરેક વખતની જેમ બાળકોને ભણવાની સાથે રમત ગમત પ્રવૃતિમાં પણ ઉત્સાહ જાગે તે માટે હમેશા પ્રયત્નો કરતા હોઈએ છીએ તેમ આ વખતે ચોકલેટ કૂદકો,લીંબુચમચી રમત નું આયોજન કર્યું. જેમાં બધાજ બાળકોને ખુબ જ મજા આવી. તેની લાક્ષણિક ઝલક.






## વાર્ષિક રમતોત્સવ તા:૧૫-૧૨-૨૦૧૭ થી૧૬-૧૨-૨૦૧૭

બે દિવસનો શાળા રમતોત્સવ યોજાયો.જેમાં બાલમંદિર વિભાગમાં નાના ભૂલકાઓને એમના પ્રમાણે રમતો નું આયોજન કર્યું હતું જેમાં પેલા શિક્ષકોએ તે રમત રમી બતાવી અને પછી બાળકોને રમાડ્યા.જેમાં દેડકાચાલ,વાંકીચૂંકીદોડ,બેલેન્સદોડ,સંગીત ખુરશી,લંગડી જેવી રમતો રાખેલી જેમાં બધા જ બાળકો ખુબ ઉત્સાહ પૂર્વક રમ્યા હતા,સારું પ્રદર્શન કરનાર બાળકોને વિજેતા પણ જાહેર કર્યા







તેવી જ રીતે ધોરણ ૧ થી ૪ માં અલગ અલગ રમતો નું આયોજન કરવામાં આયુ હતું જેમાં ધોરણ ૧, ૨ માં લીંબુ ચમચી.,દોડ,ચોકલેટ ફુદકો,સાતોલીયું,સંગીતખુરશી, સિક્કાફેંક, જેવી રમતો હતી, જ્યારે ધોરણ ૪ અને ૫માં ખો-ખો,કબડ્ડી, રસ્સાખેંચ,ત્રિપગી દોડ રમતો યોજાઈ હતી.,જેમાં બે વિભાગ પ્રમાણે રમતનું આયોજન કર્યું હતું ધોરણ ૧અને ૨ ને પ્રથમદિવસે રમતો રમાડી જ્યારે ધોરણ ૩ અને ૪ ને બીજા દિવસે રમત રમાડી હતી, અને વિજેતા પણ જાહેર કર્યા હતા.




તેવી જ રીતે ધોરણ ૫ થી ૮માં પણ રમતોત્સવ અલગ જ રીતે ઉજવાયો જેમાં તારીખ:- ૧૫/૧૨/૨૦૧૭ના દિવસે હાઉસ મુજબ રમતો રાખી જેવી કે, ખો-ખો,કબડ્ડી,રસ્સાખેંચ, જેમાં દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતોજ્યારે બીજા દિવસે તેનું આયોજન અલગ રીતે કરવામાં આવ્યું હતું. જેમાં વ્યક્તિગત રમતો યોજાઈ જેવી કે લાંબીકૂદ,ઊંચીકૂદ,વિઘ્નદોડ,ત્રિપગી દોડ,કોથળા દોડ,ગોળાફેંક,ચક્રફેંક, જેવી વિવિધ રમતો હતી. જેમાં બધા જ વિદ્યાર્થીઓએ પોતાની શક્તિ પ્રમાણે પ્રદર્શન કર્યું અને આખી શાળાનો માહોલ કંઇક અલગ જ રીતે ઉભો થયો હતો, જેમાં છેલ્લે દરેક રમત ના વિજેતા પણ જાહેર કર્યા.








વળી ધોરણ ૯ થી ૧૨માં આ ઉત્સવ એનાથી પણ અલગ રીતે ઉજવાયો અને મોટા વિદ્યાર્થી હોવાથી તેઓએ પોતાની મનપસંદ રમતોમાં ખુબજ ઉત્સાહપૂર્વક રમતો રમી અને શિસ્ત પણ સાચવી.જેમાં ખો-ખો,કબડ્ડી,રસ્સાખેંચ, લીબુ ચમચી,વિઘ્નદોડ,કોથળા દોડ, રમતો રાખેલ હતી.બધા જ બાળકો ખુબ જ મસ્તીથી મનોરંજન સાથે રમતો રમ્યા ,અને

યોગ્ય રમતોમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર પણ જાહેર કર્યા.






આમ,બે દિવસીય રમતના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મેદાની પ્રવૃત્તિ શીખ્યા તેમજ જીવનમાં સ્વાસ્થ્ય માટે રમતનું મહત્વ પણ જાણ્યું.બે દિવસનો રમતોત્સવ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર માણ્યો.

## શાળામાં યોજાયેલ વાર્ષિકોત્સવ તા:03-03-૨૦૧૭



અમારી શાળામાં વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. બાલમંદિર થી લઇ ને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેનું આયોજન ગાંધીનગર ટાઉન હૉલ ખાતે કરેલું જેમાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ,આચાર્યશ્રી,દરેક વિભાગના એચ.ઓ.ડી તથા શાળાના વિદ્યાર્થીઓ અને તેમના વાલીશ્રીઓ પણ હાજર રહ્યા હતા. જેની શરૂઆત દીપપ્રાગટ્ય વિધી કરી કાર્યક્રમ શરૂ કર્યો. અહી કેટલીક લાક્ષણિક ઝલક દર્શાવી છે.





# શાળાના તેજસ્વી તારલાઓ

શાળામાં શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરતા વિદ્યાર્થીઓને બિરદાવવા માટે ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેથી શાળાના અન્ય વિદ્યાર્થીઓને અભ્યાસમાં સિદ્ધિ હાંસલ કરવા માટે પ્રેરણા આપી શકાય.

શાળામાં બાલમંદિરથી લઇને ધોરણ ૧૨ સુધીમાં પ્રથમ ત્રણ નંબર આવનાર વિદ્યાર્થીઓને ઇનામ અને સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવે છે, તેમજ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરવામાં આવે છે

માધ્યમિક વિભાગનું માર્ચ-૨૦૧૭ S.S.C ની પરીક્ષાનું પરિણામ ૬૫%આવેલ છે,તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગનું માર્ચ-૨૦૧૭ H.S.C.પરીક્ષાનું પરીણામ ૯૨% આવેલું છે.


## માર્ચ-૨૦૧૭ S.S.C.ની પરીક્ષામાં સ્થાન પ્રાપ્ત કરનારા શાળાના તેજસ્વી તારલાઓ

| પ્રથમ નંબર | દ્વિતીય નંબર | તૃતીય નંબર |
|---|---|---|
| |  |  |
| બારોટ ચિરાગભાઈ વિ. | ડાભી જયદિપ.કે | દવે કૌશલકુમાર. એન |
| PR:-88.59 | PR:-86 | PR:-85.4 |

## માર્ચ-૨૦૧૭ H.S.C. (આર્ટસ)ની પરીક્ષામાં સ્થાન પ્રાપ્ત કરનારા શાળાના તેજસ્વી તારલાઓ

| પ્રથમ નંબર | દ્વિતીય નંબર | તૃતીય નંબર |
|---|---|---|
|  |  |  |
| માળી શ્રીપાલ એમ. | દેસાઈ પિન્કી.જી. | રબારી પુનમબેન એલ. |
| PR:- 92.54 | PR:-73.50 | PR:-71.71 |

## માર્ચ-૨૦૧૭ H.S.C.(કોમર્સ)ની પરીક્ષામાં સ્થાન પ્રાપ્ત કરનારા શાળાના તેજસ્વી તારલાઓ

| પ્રથમ નંબર | દ્વિતીય નંબર | તૃતીય નંબર |
|---|---|---|
|  |  |  |
| પઠાણ મિસ્બાબાનું એમ. | પ્રજાપતિ જય બી. | કુરેશી મહંમદીબેગમ આઈ. |
| PR:-91.41 | PR:-78.91 | PR:-77.37 |

## વર્ષ-૨૦૧૭માં આપણી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર શાળાના તેજસ્વી તારલાઓ

| સીરીલ નંબર | ધોરણ | વિદ્યાર્થીનુ નામ | મેળવેલ ટકા(%) |
|---|---|---|---|
| ૧. | જુ.કે.જી | ખેર કૃણાલસિંહ વિજયસિંહ | ૯૯.૬૬% |
| ૨. | સિ.કે.જી | પટેલ મૈત્રેય નરેન્દ્ર કુમાર | ૯૯.૬૬% |
| | | પઠાણ ફરીદખાન ફિરોજખાન | ૯૯.૬૬% |
| ૩. | ધોરણ-૧ | શેખ શહેનૂરબાનું શબ્બીરહુસેન | ૯૭% |
| ૪. | ધોરણ-૨ | પટેલ પ્રિન્સ જલ્પેશકુમાર | ૯૭% |
| ૫. | ધોરણ-૩ | પટેલ સ્નેહકુમાર સંજયભાઈ | ૯૩% |
| ૬. | ધોરણ-૪ | વાઘેલા રિધ્ધીકુવરબા સિધ્ધાર્થસિંહ | ૯૩.૩૩% |
| ૭. | ધોરણ-૫ | વાઘેલા સંજયસિંહ યોગેન્દ્રસિંહ | ૯૫.૩૩% |
| ૮. | ધોરણ-૬ | દરજી નિષ્ટા સચિનકુમાર | ૯૫.૩૭% |
| ૯. | ધોરણ-૭ | ઠક્કર કિવન્સિ રાજેશભાઈ | ૯૮.૨૧% |
| ૧૦ | ધોરણ-૮ | શેખ મહમ્મદકૈફ મુસ્તાકહુસેન | ૯૬.૮૧% |
| ૧૧. | ધોરણ-૯ | વાઘેલા હેમાંગી ગીરીશસિંહ | ૯૭.૭૮ |
| ૧૨. | ધોરણ-૧૦ | બારોટ ચિરાગભાઈ વિનોદભાઈ | ૮૮.૮૯% |
| ૧૩. | ધોરણ-૧૧ | પટેલ નિધિ રમેશભાઈ | ૮૫% |
| ૧૪. | ધોરણ-૧૨(આર્ટસ) | માળી શ્રીપાલ મુકેશભાઈ | ૯૨.૫૪ |
| ૧૫. | ધોરણ-૧૨(કોમર્સ) | પઠાણ મિસ્બાબાનું મહેબુબખાન | ૯૧.૪૧% |

# શાળાના આધાર સ્તંભ



Kindergarten Staff



Primary School Staff





Upper Primary School Staff



Secondary & Higher Secondary School Staff




Center for Computer Education Staff



Trust Office Staff

**Book Designed By: Hetal Rajput (MSC-IT)**

**(MB School: Project Assistant)**